સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 11

[07/03/21 to 13/03/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# PSI /ASI / કોન્સ્ટેબલ

## ફ્રી સ્પેશિયલ લેક્ચર કાયદો

| ગાંધીનગર | અમદાવાદ | જૂનાગઢ |
|---|---|---|
| 21/03/21 રવિવાર \| સાંજે 05:00 વાગ્યે | 21/03/21 રવિવાર \| સવારે 10:00 વાગ્યે | 20/03/21 શનિવાર \| સવારે 10:00 વાગ્યે |

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**07 MAR-2021**

- દિવસ મહિમા : 7 માર્ચ, જન ઔષધિ દિવસ (Generic Medicine Day) ....... 02
- અમદાવાદમાં ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ-2021નું આયોજન ....... 03
- લોકસભા ટી. વી. અને રાજ્યસભા ટી.વી. ને મર્જ કરી ભારતમા'સંસદ ટી.વી.' ચેનલનો પ્રારંભ ....... 04
- QUESTION ANSWERS ....... 05

**08 MAR-2021**

- દિવસ મહિમા : 8 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day) ....... 06
- અમદાવાદ નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત ખાતે 'વી સ્ટાર્ટઅપ સમિટ' નો પ્રારંભ ....... 06
- વડાપ્રધાન શ્રી દ્વારા 'સાગર-મંથન : મર્કેન્ટાઇલ મરીન ડોમેઈન અવેરનેસ સેન્ટર' નો પ્રારંભ ....... 08
- QUESTION ANSWERS ....... 10

**09 MAR-2021**

- ત્રિપુરા રાજ્યના ઉદેપુર ખાતે 'સાયન્સ સેન્ટર'નું ઉદ્‌ઘાટન ....... 11
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ તરીકે સ્વીકૃતિ ....... 12
- QUESTION ANSWERS ....... 13

**10 MAR-2021**

- ત્રિપુરાથી બાંગ્લાદેશને જોડતા 'મૈત્રી સેતુ'નું વડાપ્રધાન શ્રી દ્વારા ઉદ્‌ઘાટન ....... 14
- કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય દ્વારા 'સ્વચ્છતા સારથી ફેલોશિપ'ની શરૂઆત ....... 15
- દેશના 21 રાજ્યોમાં 'CSIR ફ્લોરીકલ્ચર મિશન' લાગુ કરવામાં આવશે ....... 17
- QUESTION ANSWERS ....... 18

**11 MAR-2021**

- ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી તિરથસિંહ રાવતના શપથ ....... 19
- આસામના લાલ ચોખાની અમેરિકામાં પ્રથમ વખત નિકાસ ....... 20
- HDFC ERGO દ્વારા 'બિઝનેસ કિષ્ટ સુરક્ષા કવર' લોન્ચ ....... 21
- QUESTION ANSWERS ....... 22

**12 MAR-2021**

- દિવસ મહિમા : 12 માર્ચ, (1) સાયબર સેન્સરશિપ વિરૂદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship) ....... 23
- ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યૂટિકલ્સ કોર્પોરેશન લિમિટેડ GeM પોર્ટલ પર ઉત્પાદનો વેચશે ....... 24
- QUESTION ANSWERS ....... 25

**13 MAR-2021**

- 'આઝાદીના અમૃત મહોત્સવ'નો સાબરમતી આશ્રમ ખાતેથી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શુભારંભ ....... 26
- QUESTION ANSWERS ....... 29

**ONLINER** ....... 30

**QUESTION OF THIS WEEK** ....... 32


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 7 માર્ચ, જન ઔષધિ દિવસ (Generic Medicine Day)

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચના રોજ સમગ્ર દેશમાં **'જન ઔષધિ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી જેનેરિક દવાઓના ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### સૌપ્રથમ વખત ઉજવણી

- ભારતમાં **સૌપ્રથમ** વખત 7 માર્ચ, 2019ના રોજ પ્રથમ **'જન ઔષધિ દિવસ'**ની ઉજવણી કરવામાં આવી હતી.
- તાજેતરમાં ભારતમાં 7 માર્ચ, 2021ના રોજ ત્રીજા 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

### જન ઔષધિ દિવસ 2021ની ઉજવણી

7 માર્ચ, 2021ના રોજ ત્રીજા જન ઔષધિ દિવસની ઉજવણી **'બ્યૂરો ઓફ ફાર્મા પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સ ઓફ ઈન્ડિયા' (BPPI)** દ્વારા કરવામાં આવી હતી.

### જન ઔષધિ દિવસ 2021ની થીમ

'જન ઔષધિ દિવસ 2021' થીમ (**સેવા ભી - રોજગાર ભી** છે.

### જન ઔષધિ સપ્તાહની ઉજવણી

જન ઔષધિ સપ્તાહની ઉજવણી તાજેતરમાં સમગ્ર દેશમાં 1 માર્ચ, 2021 થી 7 માર્ચ, 2021 દરમિયાન કરવામાં આવી હતી.

- આ ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **મેઘાલયના શિલોંગ** ખાતે 7,500માં **જન ઔષધિ કેન્દ્રનું** ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

### જન ઔષધિ કેન્દ્ર

**પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના** અંતર્ગત **બ્યૂરો ઓફ ફાર્મા** PSUs ઓફ ઈન્ડિયા **(BPPI)** દ્વારા જન ઔષધિ કેન્દ્રોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

- આ કેન્દ્રો ખાતેથી ગુણવત્તાવાળી જેનેરિક દવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે.
- દેશના 734 જેટલા જિલ્લાઓમાં વર્તમાનમાં 7,500 જેટલા જન ઔષધિ કેન્દ્રો આવેલા છે.
- કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રની સ્થાપના કરવા માટે રૂ. **2.5 લાખની ગ્રાન્ટ**ની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (PMBJP)

**ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યૂટિકલ્સ** દ્વારા વર્ષ 2008માં પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (PMBJP)ની શરૂઆત કરવામાં આવી હતી.

- શરૂઆતમાં તેનું નામ **'જન ઔષધિ કેમ્પેઈન'** રાખવામાં આવ્યું હતું.
- આ અભિયાનને વર્ષ 2015-16માં PMBJP તરીકે ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું.
- **બ્યૂરો ઓફ ફાર્મા PSUs ઓફ ઈન્ડિયા** (BPPI) એ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજનાના **અમલીકરણ** માટે **જવાબદાર એજન્સી** છે.

**ICE FACTS :**

(1) બ્યૂરો ઓફ ફાર્મા PSUs ઓફ ઈન્ડિયા (BPPI) એ કેન્દ્રીય **કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર્સ મંત્રાલય** અંતર્ગત કાર્ય કરે છે.

(2) BPPI દ્વારા **'જન ઔષધિ સુગમ એપ્લિકેશન'** વિકસાવવામાં આવેલી છે.

(3) જેનેરિક દવાઓએ એવી દવાઓ છે. જે મોંઘી બ્રાન્ડેડ દવાઓ જેવી જ ગુણવત્તા અને અસરકારતા ધરાવતી હોય છે તેમજ તે ઓછા ભાવે પણ ઉપલબ્ધ હોય છે.

## અમદાવાદમાં ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ-2021નું આયોજન

7 માર્ચ, 2021ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં આવેલા સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- ગુજરાત સરકારના **કૃષિ ખેડૂત કલ્યાણ** અને **સહકાર વિભાગ** દ્વારા આ ત્રણ દિવસના ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.
- લોકોને **કેમિકલમુક્ત આહાર** મળે અને **ખેડૂતોને સારા ભાવ મળે** તે ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાજ્યના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે રાજ્યકક્ષાનું માધ્યમ મળી રહે તે હેતુથી **'આત્મા પ્રોજેક્ટ'** અંતર્ગત અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ફેસ્ટિવલ દરમિયાન દરેક જિલ્લામાંથી આગવી ઓળખ ધરાવતા ખેત ઉત્પાદનોનું 100 જેટલા સ્ટોલ ઉપરથી ખેડૂતો દ્વારા સીધુ જ વેચાણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ગુજરાતના ચાર મુખ્ય શહેરો **અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં** ઈન્ફ્રાસ્ટ્રક્ચર અથવા શેડ બનાવવામાં આવશે. ત્યારબાદ ખેડૂતો / મંડળીઓ, ફાર્મર પ્રોડયૂસર ઓર્ગેનાઈઝેશન (FPO) ને આ શેડમાં પદ્ધતિસરની પ્રક્રિયા દ્વારા તેમના ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતપેદાશો વેચવા માટે સ્ટોલ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આત્મા યોજના શું છે ?

ATMAનું પૂરું નામ **'એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી'** છે.

- આત્મા એ જિલ્લા કક્ષાએ કાર્યરત રજીસ્ટર્ડ સોસાયટી છે. જે ટકાઉ કૃષિ વિકાસ માટે જિલ્લાની તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓ (સ્ટેક હોલ્ડર્સ)ને આયોજનથી લઈને અમલ સુધીની ક્રિયામાં સામેલ રાખીને કાર્ય કરવા માટે જવાબદાર છે.
- ગુજરાતમાં આ યોજના પ્રાયોગિક ધોરણે વર્ષ 2005માં અમલમાં આવી હતી.
- તેમજ તે વર્ષ 2007-08 થી તમામ જિલ્લામાં અમલમાં આવેલ છે.
- આ યોજના માટે ભારત સરકાર દ્વારા 90% ગ્રાન્ટ આપવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકારનો ફાળો 10% હોય છે.

## અમલીકરણ

જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને આત્મા ગવર્નીંગ બોર્ડ કામગીરી કરે છે. આ ગવર્નીંગ બોર્ડ જિલ્લાની આત્માની તમામ પ્રવૃત્તિઓનું અમલીકરણ, મોનીટરીંગ અને સંચાલન કરે છે.

- આત્મા યોજના મુખ્યત્વે કૃષિ સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડવાનું (ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી)નું કામ કરે છે.

# લોકસભા ટી. વી. અને રાજ્યસભા ટી.વી. ને મર્જ કરી ભારતમા'સંસદ ટી.વી.' ચેનલનો પ્રારંભ

ભારતના સંસદની બે મુખ્ય ચેનલો **'લોકસભા ટી.વી.'** અને **'રાજ્યસભા ટી.વી.'** ને એકબીજામા મર્જ કરી દેવામાં આવી છે અને નવી **'સંસદ ટી.વી'** ચેનલની શરૂઆત કરવામાં આવી છે.

- આ નવા પ્લેટફોર્મની મદદથી સંસદની કાર્યવાહીઓ, સમાચારો તથા વર્તમાન પ્રવાહોનું પ્રસારણ **હિંદી** તથા **અંગ્રેજી ભાષા**માં કરવામાં આવશે.

## મર્જરનો હેતુ

લોકસભા ટી.વી. અને રાજ્યસભા ટી.વી.ના એકબીજામાં વિલિનીકરણનો મુખ્ય ઉદ્દેશ ચેનલના સંચાલનને વધુ સુવ્યવસ્થિત કરવું, દર્શકો માટે ચેનલને વધુ આકર્ષિત બનાવવી તેમજ ખર્ચને ઘટાડવાનો છે.

- લોકસભા ટી.વી. અને રાજ્યસભા ટી.વી. એ બંને નફાકારક કંપનીઓ હતી.

## આ માટે કઈ સમિતિએ ભલામણ કરી હતી ?

પ્રસાર ભારતીના CEO **શ્રી સૂર્ય પ્રકાશની અધ્યક્ષતાવાળી** નિષ્ણાંત સમિતિએ વર્ષ 2019માં આ બે કંપનીઓના મર્જરની દરખાસ્ત કરી હતી.

## સંસદ ટી.વી.ના CEO

ભૂતપૂર્વ ટેક્સટાઈલ સચિવ શ્રી રવિ કપૂરની એક વર્ષના સમયગાળા માટે સંસદ ટી.વીના CEO તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'જન ઔષધિ દિવસ' તરીકે ક્યા દિવસની ઉજવણી કરવામાં આવે છે?
(A) 5 માર્ચ (B) 6 માર્ચ (C) 7 માર્ચ (D) 8 માર્ચ (C)

2. 7 માર્ચ, 2021ના રોજ ભારતમાં કેટલામાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા (C)

3. નીચેના પૈકી સાચા વિધાનો જણાવો ?
1. વર્ષ 2021ના જન ઔષધિ દિવસની ઉજવણી બ્યૂરો ઓફ ફાર્મા PSUs ઓફ ઈન્ડિયા (BPPI) દ્વારા કરવામાં આવી હતી.
2. જન ઔષધિ દિવસ 2021ની થીમ (સેવા પણ – રોજગાર પણ) છે.
3. જન ઔષધિ સપ્તાહની ઉજવણી 1 માર્ચ, 2021 થી 7 માર્ચ, 2021 દરમિયાન કરવામાં આવી હતી.
4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી દ્વારા મેઘાલયના શિલોંગ ખાતે 7,500માં જન ઔષધિ કેન્દ્રનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 (A)

4. નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચા વિધાનો જણાવો ?
1. પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના અંતર્ગત બ્યૂરો ઓફ ફાર્મા PSUs ઓફ ઈન્ડિયા (BPPI) દ્વારા જન ઔષધિ કેન્દ્રોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.
2. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી જન ઓષધિ કેન્દ્રની સ્થાપના કરવા માટે રૂ. 2.5 લાખના ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવી છે.
3. ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યૂટિકલ્સ દ્વારા વર્ષ 2008માં પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (PMBJP)ની શરૂઆત કરવામાં આવી હતી.
4. બ્યૂરો ઓફ ફાર્મા PSUs ઓફ ઈન્ડિયાએ કેન્દ્રીય કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર્સ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 (B)

5. તાજેતરમાં ગુજરાતના ક્યા શહેરમાં ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ 2021નું આયોજન કરવામાં આવ્યું હતું. ?
(A) વડોદરા (B) રાજકોટ (C) અમદાવાદ (D) ભાવનગર (C)

6. 'આત્મા યોજના' વિશે સાચા વિધાન પસંદ કરો ?
1. તેનું પૂરું નામ ' એગ્રીકલ્ચરલ ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી' છે.
2. આ યોજનાનું અમલીકરણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વર્ષ 2007-08 થી કરવામાં આવ્યું છે.
3. આ યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા 90% ગ્રાન્ટ આપવામાં આવે છે.
4. જિલ્લા કક્ષાએ આ યોજનાનું અમલીકરણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવે છે.
(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 (D)

7. 'સંસદ ટી.વી.' ચેનલ વિશે સાચા વિધાનો પસંદ કરો ?
1. લોકસભા ટી.વી. અને રાજ્યસભા ટી.વી.ના મર્જરથી તાજેતરમાં તેની રચના કરવામાં આવી છે.
2. પ્રસાર ભારતીના CEO શ્રી સૂર્ય પ્રકાશની અધ્યક્ષતાવાળી નિષ્ણાંત સમિતિએ તેની રચના અંગે ભલામણ કરી હતી.
3. સંસદ ટી.વી.ના વર્તમાન CEO શ્રી રવિકપૂર છે
(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 8 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- મહિલા અધિકારોના આંદોલનની યાદ અપાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય હેતુ વિશ્વની અડધી જન સંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે સૌપ્રથમ સૂચન વર્ષ 1910માં **ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વુમન કોન્ફરન્સ** દ્વારા કરવામાં આવ્યું હતું.
- રશિયામાં વર્ષ 1917માં મહિલાઓને મત્તાધિકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ રશિયામાં 8 માર્ચ રાષ્ટ્રીય રજા તરીકે જાહેર થઈ હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા **વર્ષ 1975**માં 8 માર્ચનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- ભારતમાં આ દિવસે ભારત સરકારના **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** તરફથી **'નારી શક્તિ એવોર્ડ'** એનાયત થાય છે. **વર્ષ 1991**થી આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.

### વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2021 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ની થીમ **'Women in leadership: Achieving an equal future in a COVID-19 world'** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમદાવાદના નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત ખાતે 'વી સ્ટાર્ટઅપ સમિટ' નો પ્રારંભ

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** દ્વારા તાજેતરમાં અમદાવાદના **નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત** ખાતે **'વી સ્ટાર્ટ સમિટ'**નો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

- ગુજરાત **સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ** (i-Hub) દ્વારા 'વી સ્ટાર્ટઅપ સમિટ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે **મુખ્યમંત્રી** શ્રી દ્વારા **'વી સ્ટાર્ટ સેલિબ્રેટિંગ વુમન ઈન સ્ટાર્ટ અપ'** નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.
- ગુજરાત રાજ્યમાં મહિલાઓના સ્ટાર્ટઅપને પૂરતી સહાય મળી રહે એવા ઉદ્દેશથી આ વી સ્ટાર્ટઅપ સમિટનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.
- રાજ્યમાં સ્ટાર્ટઅપને **પ્રોત્સાહન** આપવા માટે **રાજ્યની યુનિવર્સિટીમાં** સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ઈન્ક્યુબેટર સેન્ટર્સ ઉભા કરવામા આવ્યા છે.

## i-Hub

i-Hub એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) હેઠળ સ્થાપવામાં આવેલ એક ઈન્ક્યુબેશન સેટઅપ છે.

- ઈન્ક્યુબેશન સેન્ટર એ નવા અને નાના ઉદ્યોગોને વિકાસમાં મદદરૂપ થતું સેન્ટર છે.
- મગજમાં રહેલા વિચારને સ્ટાર્ટઅપના રૂપમાં પરિવર્તિત કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- તેનું લક્ષ્ય ગુજરાત રાજ્યમાં ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોર ઈકોસિસ્ટમને વિકસાવવાનો છે.
- ઉપરાંત, તે ભાવિ અને અદ્યતન તકનીકી પ્રયોગશાળાઓ, તકનીકી વ્યાવસાયિક માર્ગદર્શન, નેટવર્કિંગ, નિયમનકારી અને સલાહકારી જેવી સુવિધાઓ પ્રદાન કરે છે.

## સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP)

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓના નેતૃત્ત્વવાળા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો છે. તેના અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષણ સંસ્થાઓમાં એક મંચ પ્રદાન કરવામાં આવશે.

- વડાપ્રધાનશ્રીના **'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'** મિશનનો આ એક ભાગ છે.

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન

સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશનની જાહેરાત વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **15 ઓગષ્ટ, 2015**ના રોજ **લાલ કિલ્લા** ખાતેથી કરી હતી.

- તેમજ સ્ટાર્ટઅપ ઈન્ડિયાનું લોન્ચિંગ **16 જાન્યુઆરી, 2016**ના રોજ કરવામાં આવ્યું હતું.
- આ મિશન **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** અંતર્ગત કાર્યરત છે.
- દેશમાં **75 સ્ટાર્ટઅપ સપોર્ટ હબ** વિકસાવવા માટે તેની રજૂઆત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACTS :**

(1) બાવળા ખાતે ઈઝરાયેલના સહયોગથી i-create સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જે એક પ્રકારનું ઈનોવેશન ઈન્ક્યુબેશન સેન્ટર જ છે.

(2) તાજેતરમાં WE-Hub એ i-Hub સાથે પાર્ટનરશિપની જાહેરાત કરી છે. WE-Hub એટલે 'વુમન એન્ટરપ્રિન્યોર હબ'. તે તેલંગાણા સરકાર અંતર્ગત સંચાલિત છે.

## વડાપ્રધાન શ્રી દ્વારા 'સાગર-મંથન : મર્કેન્ટાઈલ મરીન ડોમેઈન અવેરનેસ સેન્ટર' નો પ્રારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેરિટાઈમ ઈન્ડિયા સમિટ-2021' દરમિયાન 'સાગર–મંથન : મર્કેન્ટાઈલ મરીન ડોમેઈન અવેરનેસ સેન્ટર' નો પ્રારંભ કર્યો હતો.

- સમુદ્રમાં મુસાફરો અને માછીમારોને ગમે ત્યા અને ગમે ત્યારે જરૂર પડે ત્યારે મદદ કરવા માટે ભારતે સાગર–મંથન નામના 'રીઅલ ટાઈમ વેસલ ટ્રેકિંગ સિસ્ટમ' ની શરૂઆત કરી છે.
- ભારત દ્વારા પારાદ્વીપ (ઓડીશા), વઢવાણ (મહારાષ્ટ્ર) અને દીનદયાળ પોર્ટ (ગુજરાત) જેવા બંદરોનો વિકાસ વૈશ્વિક કક્ષાના માળખાકીય સુવિધા ધરાવતા બંદર તરીકે કરવામાં આવી રહ્યો છે.
- વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, અસરકારક પ્રાદેશિક વેપાર અને સહયોગને વેગ આપવા માટે નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમાર અને ભૂટાન સાથે પ્રાદેશિક જોડાણ સ્થાપિત કરનાર 'ઈસ્ટર્ન વોટરવેઝ કનેકટીવિટી ટ્રાન્સપોર્ટ ગ્રીડ' ને પણ મજબૂત કરવામાં આવશે.

### સાગર-મંથન : મર્કેન્ટાઈલ મરીન ડોમેઈન અવેરનેસ સેન્ટર

સાગર–મંથન નામની આ વેસલ ટ્રેકિંગ સિસ્ટમ વૈશ્વિક સ્તરે ભારતીય જહાજોને ટ્રેક કરવાની ક્ષમતા ધરાવે છે.

- તેનો ઉપયોગ ભારતના દરિયાકાંઠેથી 1000 કિલોમીટરના અંતરે આવેલા વિદેશી જહાજોને ટ્રેક કરવા માટે પણ થઈ શકે છે.
- સમુદ્રમાં આવતી આપાતકાલીન પરિસ્થિતિમાં તેના વડે મદદ પહોંચાડી શકાય છે.
- આ સિસ્ટમમાં સુરક્ષા માટેના સાધનોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.
- આ સિસ્ટમમાં સુરક્ષા માટેના સાધનોના વિકાસ માટે ડિરેકટોરેટ જનરલ ઓફ શિપિંગ દ્વારા ભારતીય નૌકાદળ સાથે સહયોગ કરવામાં આવ્યો છે.
- ભારત આ સિસ્ટમની મદદથી શ્રીલંકા અને માલદીવ જેવા દેશોને પણ મદદ પહોંચાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મેરીટાઈમ ઈન્ડિયા સમિટ 2021

મેરીટાઈમ ઈન્ડિયા સમિટ 2021નું આયોજન કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું.

- આ સમિટના આયોજનનું લક્ષ્ય 7,516 કિલોમીટર લાંબો દરિયાકિનારો ધરાવતા ભારતના બંદરોનો વિકાસ કરવાનું છે.
- ભારત દ્વારા વર્ષ 2035 સુધીમાં 'સાગરમાલા પ્રોજેક્ટ' હેઠળ 82 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે.
- આ સમિટ અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 23 જળમાર્ગોનું સંચાલન કરવાનું લક્ષ્ય ભારત દ્વારા રાખવામાં આવ્યું છે.
- ડેનમાર્કએ આ સમિટનો ભાગીદાર દેશ છે.



## ઈસ્ટર્ન વોટરવેઝ કનેક્ટીવિટી ટ્રાન્સપોર્ટ ગ્રીડ

આ પ્રોજેક્ટ ઈન્ડો-બાંગ્લાદેશ પ્રોટોકોલ (IBP) માર્ગોના માધ્યમથી રાષ્ટ્રીય જળમાર્ગ–1 અને રાષ્ટ્રીય જળમાર્ગ–2 વચ્ચે સરળ સંપર્ક પ્રદાન કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યો હતો.

- તેની મદદથી બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વના રાજ્યોમાં 4,200 કિલોમીટરમાં જળમાર્ગ અને દરિયાકાંઠાના વિસ્તારમાં શિપિંગ માટે આર્થિક કોરિડોર વિકસાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટ ભૂતાન, નેપાળ, ભારત અને બાંગ્લાદેશ જેવા પાંચ દેશો વચ્ચે પ્રાદેશિક એકીકરણની સ્થાપના કરશે.

**ICE FACTS :**

(1) નેશનલ વોટરવેઝ–1 એ ગંગા-ભાગીરથી-હૂગલી નદી પ્રણાલી ઉપર આવેલો છે. જે પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાંથી પસાર થાય છે.

(2) નેશનલ વોટરવેઝ–2 એ બ્રહ્મપુત્રા નદી ઉપર આવેલો છે. તે આસામ રાજ્યમાંથી પસાર થાય છે.



1. 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 માર્ચ (B) 7 માર્ચ (C) 8 માર્ચ (D) 9 માર્ચ (C)

2. વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય મહિલા' દિવસની થીમ શું છે ?
(A) Women in leadership : Achieving an equal future in a Covid-19 world
(B) I am generation equality : Realizing women's rights
(C) Women in leadership : world free from unequality
(D) ત્રણમાંથી એકપણ નહિ (A)

3. અમદાવાદના નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત ખાતે 'વી સ્ટાર્ટઅપ સમિટ' નો પ્રારંભ કોના દ્વારા કરાવવામાં આવ્યો હતો ?
(A) શ્રી નીતિનભાઈ પટેલ (B) શ્રી વિજયભાઈ રૂપાણી
(C) શ્રી આચાર્ય દેવવ્રત (D) શ્રી પ્રદિપસિંહ જાડેજા (B)

4. નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચા વિધાનો જણાવો ?
1. તાજેતરમાં ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ દ્વારા 'વી સ્ટાર્ટ અપ સમિટ' નું આયોજન કરવામાં આવ્યું હતું.
2. 'વી સ્ટાર્ટ સેલિબ્રેટિંગ વુમન ઈન સ્ટાર્ટઅપ' નામના પુસ્તકનુ વિમોચન શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યું હતું.
3. WE- Hubનુ સંચાલન તેલંગાણા સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.
4. સ્ટાર્ટ અપ ઈન્ડિયા મિશન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4 (C)

5. 'સાગર–મંથન' એ શું છે ?
(A) વેસલ ટ્રેકિંગ સિસ્ટમ
(B) હિંદ મહાસાગરમાં આવેલી ખનીજ સર્વેક્ષણ સિસ્ટમ
(C) દરિયાઈ ક્ષેત્રની દેખરેખ માટેની રડાર સિસ્ટમ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં (A)

6. નીચે આપેલા સાચા વિધાનો જણાવો ?
1. સાગર–મંથન : મર્કેન્ટાઈલ મરીન ડોમેઈન અવેરનેસ સેન્ટરનો પ્રારંભ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હતો.
2. મેરીટાઈમ ઈન્ડિયા સમિટ–2021 નું આયોજન કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું.
3. મેરીટાઈમ ઈન્ડિયા સમિટ–2021 અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 23 જળમાર્ગોનું સંચાલન કરવાનું લક્ષ્ય ભારત દ્વારા રાખવામાં આવ્યું છે.
4. ઈસ્ટર્ન વોટરવેઝ કનેક્ટીવિટી ટ્રાન્સપોર્ટ ગ્રીડ દ્વારા રાષ્ટ્રીય જળમાર્ગ–1 અને રાષ્ટ્રીય જળમાર્ગ–2 વચ્ચે સરળ સંપર્ક પ્રદાન કરવામાં મદદ મળશે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રિપુરા રાજ્યના ઉદેપુર ખાતે 'સાયન્સ સેન્ટર'નું ઉદ્દઘાટન

તાજેતરમાં ત્રિપુરા રાજ્યના રાજ્યપાલ શ્રી રમેશા બૈસ દ્વારા ત્રિપુરાના ઉદેપુર ખાતે ઉદેપુર સાયન્સ સેન્ટરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

- **નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ (NCSM)** દ્વારા આ વિજ્ઞાનકેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી.

### વિજ્ઞાનકેન્દ્ર માટે ભંડોળ

ત્રિપુરા રાજ્યમાં આવેલ ઉદેપુર વિજ્ઞાન કેન્દ્ર 6 કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલ છે.

- આ રકમ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને ત્રિપુરા રાજ્યના વિજ્ઞાન, ટેક્નોલોજી અને પર્યાવરણ વિભાગ દ્વારા આપવામાં આવી હતી.

### નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ (NCSM)

નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ (NCSM) એ એક **સ્વાયત્ત સંસ્થા** (Autonomous organisation) છે. જે **કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય** અંતર્ગત કાર્ય કરે છે.

- NCSMનું મુખ્યમથક કોલકાત્તા ખાતે આવેલું છે.
- આ સંસ્થા પાસે 24 પોતાના વિજ્ઞાન કેન્દ્રો અથવા સંગ્રહાલયો, તાલીમ કેન્દ્ર અને એક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી પણ છે.
- **બિરલા ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનોલોજીકલ મ્યુઝિયમ (BITM)** એ NCSM અંતર્ગત સ્થાપવામાં આવેલ પ્રથમ સાયન્સ મ્યુઝિયમ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### બિરલા ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનોલોજીકલ મ્યુઝિયમ (BITM)

બિરલા ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેક્નોલોજીકલ મ્યુઝિયમ કોલકાત્તામાં આવેલું NCSM અંતર્ગત કાર્ય કરતું એકમ છે.

- તેની સ્થાપના પ્રખ્યાત ઉદ્યોગપતિ **શ્રી ઘનશ્યામ દાસ બિરલા** દ્વારા કરવામાં આવી હતી.



## સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ તરીકે સ્વીકૃતિ

તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ' (International year of millets) તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.

- વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ' તરીકે ઉજવવાનો ઠરાવ સર્વપ્રથમ ભારત દ્વારા કરવામાં આવ્યો હતો અને 70 થી વધારે દેશોએ તેને સમર્થન પણ આપ્યું હતું.
- બાજરાના ફાયદા અને તેની વાતાવરણીય અનુકૂલન ક્ષમતા અંગે જાગૃતિ વધારવા માટે આ પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- 1 એપ્રિલ, 2016ના રોજ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ (UNGA) 2016 થી 2025 દરમિયાન 'યુનાઈટેડ નેશન્સના પોષણ પરના દાયકા'ની ઉજવણીની જાહેરાત કરી હતી.
- એશિયન અને આફ્રિકન દેશોમાં બાજરોએ એક મહત્વપૂર્ણ પાક છે.
- બાજરોએ પ્રોટીન, પોષકતત્વો અને ફાઈબરનો સમૃદ્ધ સ્ત્રોત છે.

### બાજરાના પાક માટે અનુકૂળ વાતાવરણ

બાજરો સૂકા કે ઓછા પાણીવાળા વિસ્તારોમાં ઓછી ઉપજાઉ જમીનમાં અને ઉચ્ચ તાપમાનમાં ઉત્પાદન માટે અનુકૂળ છે.

- વધુ ક્ષારવાળી કે ઓછી પી.એચ(Ph) ધરાવતી જમીનમાં પણ તેનું સારું ઉત્પાદન થાય છે.
- પોતાની પ્રતિકૂળ સ્થિતિને અનુકૂલન સાધવાની પ્રકૃતિને કારણે, તે જ્યાં અન્ય ધાન્ય પાકો જેવા કે મકાઈ અને ઘઉં ન ઉગી શકે ત્યાં પણ ઉગે છે.

**સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિવિધ આંતરરાષ્ટ્રીય વર્ષોની ઉજવણી**

| ક્રમ | વર્ષ | ઉજવણી |
|---|---|---|
| 1 | 2021 | શાંતિ અને વિશ્વાસનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| | | સતત વિકાસ માટે રચનાત્મક અર્થવ્યવસ્થાનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| | | ફળો અને શાકભાજીઓનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| | | બાળ મજૂરી નાબૂદી માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| 2 | 2022 | કૃત્રિમ મત્સ્યઉદ્યોગ અને માછલીઘરનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| 3 | 2023 | બાજરાનું આંતરરાષ્ટ્રીય વર્ષ |

**ICE FACTS :**

(1) બાજરાનું વૈજ્ઞાનિક નામ 'પેનિસિટમ ટાઈફોઈડિસ' છે.

(2) ભારતમાં બાજરાનું સર્વાધિક ઉત્પાદન રાજસ્થાન રાજ્યમાં થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TUESDAY Questions

**1.** તાજેતરમાં ઉદેપુર ખાતે નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ (NCSM) દ્વારા 'સાયન્સ સેન્ટર'ની સ્થાપના કરવામાં આવી છે, આ સાયન્સ સેન્ટર કયા રાજ્યમાં સ્થાપવામાં આવેલ છે ?

(A) રાજસ્થાન (B) ત્રિપુરા (C) મિઝોરમ (D) સિક્કિમ **(B)**

**2.** નીચે આપેલા વિધાનોમાંથી સાચા વિધાનો જણાવો ?

1. નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ (NCSM)એ એક સ્વાયત્ત સંસ્થા છે.
2. NCSM એ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
3. NCSMનું મુખ્યમથક કોલકાત્તા ખાતે આવેલું છે.
4. NCSMના પ્રથમ સાયન્સ મ્યુઝિયમ એવા બિરલા ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેક્નોલોજીકલ મ્યુઝિયમની સ્થાપના શ્રી ઘનશ્યામ દાસ બિરલા દ્વારા કરવામાં આવી હતી.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 **(A)**

**3.** કયા વર્ષને 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ' તરીકે ઉજવવામાં આવશે ?

(A) 2022 (B) 2023 (C) 2024 (D) 2025 **(B)**

**4.** સંયુક્ત રાષ્ટ્રની મહાસભા સમક્ષ વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ' તરીકે ઉજવવાનો સર્વપ્રથમ પ્રસ્તાવ કયા દેશ દ્વારા કરવામાં આવ્યો હતો ?

(A) દક્ષિણ આફ્રિકા (B) તાઈવાન (C) જર્મની (D) ભારત **(D)**

**5.** કયા વર્ષ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'યુનાઈટેડ નેશન્સના પોષણ પરના દાયકા' ની ઉજવણી કરવામાં આવી રહી છે ?

(A) 2017 થી 2026 (B) 2018 થી 2027 (C) 2016 થી 2025 (D) 2020 થી 2030 **(C)**

**6.** નીચેના પૈકી કયા પાકનું વૈજ્ઞાનિક નામ 'પેનિસિટમ ટાઈફોઈડિસ' છે ?

(A) ઘઉં (B) બાજરા (C) ચોખા (D) તુવેર **(B)**

**7.** ભારતમાં બાજરાનું સર્વાધિક ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે ?

(A) રાજસ્થાન (B) પંજાબ (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ત્રિપુરાથી બાંગ્લાદેશને જોડતા 'મૈત્રી સેતુ'નું વડાપ્રધાન શ્રી દ્વારા ઉદ્‌ઘાટન

9 માર્ચ, 2021ના રોજ <u>ભારત</u> અને <u>બાંગ્લાદેશ</u> વચ્ચે નવનિર્મિત <u>**'મૈત્રી સેતુ'**</u>નું વડાપ્રધાન <u>**શ્રી નરેન્દ્રભાઈ મોદી**</u>એ વીડિયો કોન્ફરન્સથી ઉદ્‌ઘાટન કર્યું હતું.

- ઉદ્‌ઘાટનના આ કાર્યક્રમમાં બાંગ્લાદેશના વડાપ્રધાન <u>**સુશ્રી શેખ હસીના**</u> પણ જોડાયા હતા.

### મૈત્રી સેતુ

'મૈત્રી સેતુ'નું નિર્માણ <u>**ત્રિપુરા**</u> રાજ્યની <u>**ફેની નદી**</u> પર કરવામાં આવ્યું છે.

- ફેની નદી <u>**ત્રિપુરા**</u> રાજ્ય અને <u>**બાંગ્લાદેશ**</u>ની મધ્યમાંથી પસાર થાય છે.
- 'મૈત્રી સેતુ' નામની પસંદગી બંને દેશો વચ્ચે વધતા દ્વિપક્ષીય સંબંધો અને મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રતીક બનાવવા માટે કરવામાં આવી છે.
- આ બ્રિજનું નિર્માણ કાર્ય <u>**'નેશનલ હાઈવેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ'**</u> દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ તેના નિર્માણ માટે કુલ 133 કરોડનો ખર્ચ થયો છે.
- <u>**1.9 કિલોમીટર**</u> લંબાઈનો આ બ્રિજ <u>**ત્રિપુરાના સબરૂમ**</u> અને <u>**બાંગ્લાદેશના રામગઢ**</u> વચ્ચે જોડાણ સ્થાપિત કરશે.

### બ્રિજનું મહત્ત્વ

મૈત્રી સેતુ પુલના ઉદ્‌ઘાટનની સાથે જ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વેપારના એક નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે.


- આ બ્રિજ કાર્યરત થયા પછી ભારતનું ત્રિપુરા રાજ્ય <u>**'ગેટ વે ઓફ નોર્થ ઈસ્ટ'**</u> તરીકે ઉભરી આવશે. તેની મદદથી બાંગ્લાદેશના ચિત્તાગોંગ બંદર સુધીની પહોંચ સરળ બનશે.
- બાંગ્લાદેશનું ચિત્તાગોંગ બંદરએ ત્રિપુરાના સબરૂમથી 80 કિલોમીટરના અંતરે આવેલું છે.

### સબરૂમ ચેકપોસ્ટનો શિલાન્યાસ

પ્રધાનમંત્રીશ્રીએ મૈત્રી સેતુના ઉદ્‌ઘાટન પ્રસંગે સબરૂમ ખાતે એકીકૃત ચેકપોસ્ટનો પણ શિલાન્યાસ કર્યો હતો.

- આ ચેકપોસ્ટ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સામાન અને મુસાફરોની અવરજવર સરળ બનાવવામાં પણ મદદ કરશે.
- તે ઉત્તર પૂર્વીય રાજ્યોના ઉત્પાદનોને નવી બજારો સુધી પહોંચવામાં મદદરૂપ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભારતનો ઈતિહાસ
GPSC 1/2, PSI/CONSTABLE,
Dy. S.O./ Dy. MAMLATDAR, તલાટી,
બિનસચિવાલય કલાર્ક, વગેરે સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE


## કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય દ્વારા 'સ્વચ્છતા સારથી ફેલોશિપ'ની શરૂઆત

તાજેતરમાં કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય દ્વારા **'વેસ્ટ ટૂ વેલ્થ' મિશન** અંતર્ગત **'સ્વચ્છતા સારથી ફેલોશિપ'**ની શરૂઆત કરવામાં આવી છે.

### સ્વચ્છતા સારથી ફેલોશિપ

સ્વચ્છતા સારથી ફેલોશિપ પહેલએ વૈજ્ઞાનિક અને ટકાઉ રીતે કચરા વ્યવસ્થાપન સાથે સંકળાયેલા એવા **વિદ્યાર્થીઓ**, **સ્વ-સહાય જૂથો**, **સામુદાયિક કાર્યકરો**, **સ્વચ્છતા કર્મચારીઓ** અને **મ્યુનિસિપલ કામદારો**ને તેમના કાર્ય બદલ પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે.

- આ ફેલોશિપ કાર્યક્રમ અંતર્ગત, કેન્દ્ર સરકાર નીચે દર્શાવેલ **ત્રણ કેટેગરી** હેઠળ પુરસ્કારો પ્રદાન કરશે.

### કેટેગરી - A

આ કેટેગરી અંતર્ગત, **કચરા વ્યવસ્થાપન** સાથે સંકળાયેલા **ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓનો** સમાવેશ કરવામાં આવ્યો છે.

### કેટેગરી - B

આ કેટેગરી અંતર્ગત, **સ્નાતક** અને **અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ** તેમજ સંશોધન પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### કેટેગરી - C

આ કેટેગરી અંતર્ગત, **સ્વ-સહાય જૂથો**, **મ્યુનિસિપલ કામદારો** અને **સ્વચ્છતા કર્મચારીઓ**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 'વેસ્ટ ટૂ વેલ્થ' મિશન

'વેસ્ટ ટૂ વેલ્થ' મિશનની શરૂઆત **કચરાને રિસાયકલ કરવા**, **કચરામાંથી ઊર્જા ઉત્પન્ન** કરવા માટે વિવિધ તકનીકીઓના વિકાસ અને તેને ઓળખવાના ઉદ્દેશથી કરવામાં આવી છે.

- આવી રીતે કચરામાંથી પણ સંપત્તિના સર્જનનો ઉદ્દેશ આ મિશન અંતર્ગત રાખવામાં આવ્યો છે.
- 'વેસ્ટ ટૂ વેલ્થ' મિશન એ **Prime Minister's Science, Technology and Innovation Advisory Council (PM-STIAC)**ના નવ રાષ્ટ્રીય મિશનો પૈકીનું એક છે.
- આ મિશન કેન્દ્ર સરકારના અન્ય મિશનો જેવાં કે **'સ્માર્ટ સિટીઝ પ્રોજેક્ટ'** અને **'સ્વચ્છ ભારત મિશન'**ના વિકાસમાં પણ સહાયતા પ્રદાન કરશે.
- આનાથી દેશભરમાં કચરાના સંચાલનને સુવ્યવસ્થિત કરવામાં મદદ મળશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT :**

(1) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, દિલ્હીએ ઈ-વેસ્ટને રીસાયકલ કરવા અને સંપત્તિમાં પરિવર્તિત કરવા માટે શૂન્ય-ઉત્સર્જન તકનીક વિકસાવી છે.

## કેન્દ્ર સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર (PSA)

કેન્દ્ર સરકારની **વિજ્ઞાન સંબંધિત** નીતિઓમાં પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર (PSA)એ **મુખ્ય સલાહકાર** છે.

- **વર્ષ 1999**માં **શ્રી અટલ બિહારી વાજપેઇ** દ્વારા તેની રચના કરવામાં આવી હતી.
- ભારતના **પ્રથમ પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર શ્રી એ. પી. જે. અબ્દુલ** હતા.
- તેમજ વર્તમાનના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર **શ્રી કે. વિજય રાઘવન** છે.

### PSAના નવ રાષ્ટ્રીય મિશનો

**6 માર્ચ, 2019**ના રોજ PSAએ **'વિજ્ઞાન માટે લોકો અને લોકો માટે વિજ્ઞાન'** પર ધ્યાન કેન્દ્રીત કરીને નવ વિજ્ઞાન અને તકનીકી પર આધારીત મિશનોની જાહેરાત કરી હતી જે નીચે મુજબ છે :

1. નેચરલ લેન્ગ્વેજ ટ્રાન્સલેશન
2. ક્વોન્ટમ ફ્રન્ટિયર
3. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ
4. નેશનલ બાયોડાયવર્સિટી મિશન
5. ઈલેક્ટ્રીક વિહિકલ્સ
6. બાયો–સાયન્સ ફોર હ્યુમન હેલ્થ
7. વેસ્ટ ટૂ વેલ્થ મિશન
8. ડીપ ઓશન એક્સપ્લોરેશન
9. એક્સલરેટીંગ ગ્રોથ ઓફ ન્યૂ ઈન્ડિયાસ ઈનોવેશન્સ (AGNII)

## દેશના 21 રાજ્યોમાં 'CSIR ફ્લોરીકલ્ચર મિશન' લાગુ કરવામાં આવશે

કેન્દ્ર સરકારે તાજેતરમાં દેશના 21 રાજ્યોમાં CSIR ફ્લોરીકલ્ચર મિશનને લાગુ કરવાની મંજૂરી આપી છે.

### CSIR ફ્લોરીકલ્ચર મિશન

ફ્લોરીકલ્ચર એ **બાગાયત**ની એક શાખા છે. જે નાના અથવા મોટા વિસ્તારમાં સુશોભન માટે ઉપયોગમાં આવતા છોડની ખેતી, પ્રક્રિયા અને માર્કેટિંગ તેમજ બગીચાઓની જાળવણી સાથે સંકળાયેલી છે.

- તેના અંતર્ગત મધમાખી ઉછેર માટે વ્યાપારી ફૂલોની ખેતી પર પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.
- આ મિશન અંતર્ગત મધમાખી ઉછેર માટે ગ્લેડિયોલસ, કાર્નેશન, કન્ના, મેરીગોલ્ડ અને ગુલાબ જેવા ફૂલોની ખેતી પર ધ્યાન આપવામાં આવશે.
- આ મિશનના અમલીકરણ માટે **કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)**ની સાથે અન્ય સંસ્થાઓ પણ સંકળાયેલી છે જે નીચે મુજબ છે :
  - **ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR), ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC), એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA), ટ્રાઈબલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (TRIFED), ફ્રેગરન્સ એન્ડ ફ્લેવર**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


**<u>ડેવલપમેન્ટ સેન્ટર, કન્નૌજ અને મિનિસ્ટ્રી ઓફ કોમર્સ</u>**

- વૈશ્વિક ફ્લોરીકલ્ચર માર્કેટમાં ભારતનું યોગદાન ફક્ત **<u>0.6%</u>** જ છે.

## CSIR

CSIRનું પૂરું નામ **<u>'કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ'</u>** છે.

- તેની સ્થાપના **<u>સપ્ટેમ્બર, 1942</u>**માં કરવામાં આવી હતી તેમજ તે **<u>સ્વાયત્ત સંસ્થા</u>** છે.
- તે કેન્દ્રીય **<u>વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય</u>** હેઠળ કાર્ય કરે છે.
- ભારતના **<u>વડાપ્રધાન તેના અધ્યક્ષ</u>** હોય છે.
- તે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં અદ્યતન સંશોધન અને વિકાસ સાથે સંકળાયેલ સંસ્થા છે.



1. 'મૈત્રીસેતુ' પુલ બાંગ્લાદેશને ભારતના કયા રાજ્ય સાથે જોડે છે ?

(A) પશ્ચિમ બંગાળ (B) ત્રિપુરા (C) આસામ (D) અરૂણાચલ પ્રદેશ (B)

2. 'મૈત્રી સેતુ'નું નિર્માણ ત્રિપુરા રાજ્યની કઈ નદી ઉપર કરવામાં આવ્યું છે ?

(A) ખોવાઈ (B) જુરી (C) ફેની (D) સોનાઈ (C)

3. ત્રિપુરાની સબરૂમ ચેકપોસ્ટનો શિલાન્યાસ તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?

(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી અમિતભાઈ શાહ

(C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D)

4. 'સ્વચ્છતા સારથી ફેલોશિપ' અંતર્ગત સાચા વિધાનો જણાવો ?

1. તેની શરૂઆત કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય દ્વારા કરવામાં આવી છે.
2. 'વેસ્ટ ટૂ વેલ્થ' મિશન અંતર્ગત તેની શરૂઆત કરવામાં આવી છે.
3. તેના અંતર્ગત કચરા વ્યવસ્થાપન સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ અને મ્યુનિસિપલ કર્મચારીઓને પ્રોત્સાહન આપવામાં આવશે.
4. તેના અંતર્ગત કેટેગરી-A, કેટેગરી-B અને કેટેગરી-C અંતર્ગત પુરસ્કારો પ્રદાન કરવામાં આવશે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 (A)

5. કઈ સંસ્થા દ્વારા ઈ–વેસ્ટને રીસાયકલ કરવા અને સંપત્તિમાં પરિવર્તિત કરવા માટે શૂન્ય ઉત્સર્જન તકનીક વિકસાવવામાં આવી છે ?

(A) IIT, દિલ્હી (B) IIT, બોમ્બે

(C) IISC, બેંગાલુરુ (D) IIT, ખડગપુર (A)

6. ભારતના પ્રથમ પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર કોણ હતા ?

(A) શ્રી કે. વિજય રાઘવન (B) શ્રી બાલા સુબ્રમણિયન

(C) શ્રી એ. પી. જે. અબ્દુલ કલામ (D) ઉપરોક્ત કોઈ નહીં (C)

7. દેશના કેટલા રાજ્યોમાં CSIR ફ્લોરીકલ્ચર મિશન લાગુ કરવામાં આવશે ?

(A) 17 (B) 18 (C) 19 (D) 21 (D)

8. નીચેનામાંથી કઈ સંસ્થા CSIR ફ્લોરીકલ્ચર મિશનના અમલીકરણ સાથે સંકળાયેલ સંસ્થા નથી ?

(A) APEDA (B) KVIC (C) TRIFED (D) DRDO (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી તિરથસિંહ રાવતના શપથ

શ્રી તિરથસિંહ રાવત 10 માર્ચ 2021 ના રોજ ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી બન્યા છે.

- ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે રાજીનામું આપ્યાના એક દિવસ પછી શ્રી તિરથસિંહ રાવતે શપથ લીધા છે.
- ઉત્તરાખંડના **રાજ્યપાલ સુશ્રી બેબી રાની મૌર્ય**એ મુખ્યમંત્રી શ્રી તિરથસિંહ રાવતને શપથ અપાવ્યા હતા.
- તેઓ ઉત્તરાખંડના રાજ્યના **નવમા મુખ્યમંત્રી** બન્યા છે.

### મુખ્યમંત્રી શ્રીની શપથવિધિ

મુખ્યમંત્રી શ્રી ની શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** શ્રી મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના **ત્રીજા પરિશિષ્ટ** અનુસાર **હોદ્દા અને ગુપ્તતાના** શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ -164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'** ના નામે લેવામાં આવે છે.

### મુખ્યમંત્રી શ્રીની નિમણૂક

ભારતીય બંધારણના **અનુચ્છેદ-164** અંતર્ગત મુખ્યમંત્રીશ્રીની નિમણૂક **રાજ્યપાલ** દ્વારા કરવામાં આવે છે.

### મુખ્યમંત્રીનું કાર્ય

તેઓ **અન્ય મંત્રીઓની નિમણૂક**ના સંબંધમાં રાજ્યપાલને સલાહ આપે છે.

- તેઓ **મંત્રીઓને વિભાગની ફાળવણી** કરે છે.
- તેઓ **કેબિનેટ બેઠકની અધ્યક્ષતા** કરે છે.
- તેઓ રાજ્યપાલ અને મંત્રી પરિષદની વચ્ચે સંદેશા વ્યવહારના મુખ્ય ચેનલ તરીકે સેવાઓ આપે છે.

### મુખ્યમંત્રીના પદ માટેની લાયકાત

તે ભારતના નાગરિક હોવા જોઈએ.

- તેઓની ઉંમર **25 વર્ષ કે તેથી વધુ હોવી** જોઈએ.
- તેઓ રાજ્ય વિધાનસભાના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ.

### કાર્યકાળ

સામાન્ય રીતે મુખ્યમંત્રીની નિમણૂક **5 વર્ષના સમયગાળા** માટે કરવામાં આવે છે.

- વિધાનસભામાં તેમના પક્ષને બહુમતી હોય ત્યાં સુધી તેમને બરતરફ કરી શકાતા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**પગાર-ભથ્થાં**

મુખ્યમંત્રીના પગાર અને ભથ્થાં રાજ્યના **વિધાનમંડળ દ્વારા નક્કી** કરવામાં આવે છે.

- રાજ્યના વિધાનમંડળના સભ્યને મળનાર પગાર–ભથ્થા ઉપરાંત તેને અન્ય સગવડો પ્રાપ્ત હોય છે.

**ICE FACT :**

(1) રાજ્યપાલ રાજ્યના બંધારણીય પ્રમુખ હોય છે, જ્યારે વાસ્તવિક પ્રમુખ મુખ્યમંત્રી હોય છે. રાજ્યપાલ રાજ્યના વડા હોય છે, જ્યારે મુખ્યમંત્રી સરકારના વડા હોય છે.

## આસામના લાલ ચોખાની અમેરિકામાં પ્રથમ વખત નિકાસ

તાજેતરમાં આસામના લાલ ચોખાની નિકાસ પ્રથમ વખત અમેરિકામાં કરવામાં આવી છે.

- આનાથી ભારતની ચોખાની નિકાસ ક્ષમતામાં વધારો થયો છે.
- APEDAના ચેરમેન **ડૉ. એમ. અંગમુથુ** દ્વારા આ લાલ ચોખાની નિકાસને લીલીઝંડી આપવામાં આવી હતી.
- APEDA દ્વારા ઘણા ભાગીદારોની મદદથી ચોખાની નિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- કેન્દ્ર સરકારે APEDAના નેતૃત્વ હેઠળ **'રાઈસ એક્સપોર્ટ પ્રમોશન ફોરમ'** (REPF)ની સ્થાપના કરી છે.

**લાલ ચોખા (Red Rice)**

લાલ ચોખા મુખ્યત્વે **આયર્નથી સમૃદ્ધ** હોય છે તેના કારણે **તેનો રંગ લાલ** દેખાય છે.

- તે મુખ્યત્વે આસામની **બ્રહ્મપુત્રા ખીણ**માં ઉગાડવામાં આવે છે.
- તેની ખેતીમાં કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવતો નથી.
- ચોખાની આ જાતિને **આસામમાં 'બાઓ-ધાન'** તરીકે ઓળખવામાં આવે છે. આસામના ખોરાકનો તે અભિન્ન ભાગ છે.

**APEDA**

APEDAનું પૂરું નામ 'એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) છે.

- APEDA એ કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પેદાશોના વેપાર અને નિકાસને પ્રોત્સાહન આપતી ભારતની સર્વોચ્ચ સરકારી સંસ્થા છે.
- તે કેન્દ્ર સરકારના **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** અંતર્ગત કાર્યરત છે.
- તેની સ્થાપના **વર્ષ 1986**માં કરવામાં આવી હતી. તેમજ તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલુ છે.

**ICE FACTS :**

(1) ચોખાની નિકાસ વધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા **Rice Export Promotion Forum (REPF)**ની રચના કરવામાં આવી હતી.

(2) ભારતમાં સૌથી વધુ ચોખાનું ઉત્પાદન **પશ્ચિમ બંગાળ** રાજ્યમાં થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# HDFC ERGO દ્વારા 'બિઝનેસ કિષ્ટ સુરક્ષા કવર' લોન્ચ

HDFC ERGO નામની જનરલ ઈન્શ્યોરન્સ કંપનીએ તાજેતરમાં એક અનોખું 'બિઝનેસ કિષ્ટ સુરક્ષા કવર' લોન્ચ કર્યું છે.

## બિઝનેસ કિષ્ટ સુરક્ષા

બિઝનેસ કિષ્ટ સુરક્ષા વીમા કવર એ એક અનોખુ વીમા કવર છે.

- જે કુદરતી આફતો અથવા વિનાશની પરિસ્થિતિમાં માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશનો (MFIs) ફાઈનાન્સિઅલ ઈન્સ્ટિટ્યૂશનો અને બેંકોની બેલેન્સશીટની સુરક્ષાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.
- બિઝનેસ કિષ્ટ સુરક્ષાને વ્યક્તિગત MFI અથવા નાણાકીય સંસ્થાઓની જરૂરિયાત મુજબ અનુકૂલિત કરી શકાય છે.
- તેના અંતર્ગત MFI અથવા ફાઈનાન્સિઅલ ઈન્સ્ટિટ્યૂશનોને EMI (Equated Monthly Installment)ની પસંદગીનો વિકલ્પ પણ આપવામાં આવે છે.

## HDFC ERGO જનરલ ઈન્શ્યોરન્સ કંપની

HDFC ERGO જનરલ ઈન્શ્યોરન્સ કંપની એ HDFC અને ERGO ઈન્ટરનેશનલ AGનું સંયુક્ત સાહસ છે.

- ERGO ઈન્ટરનેશનલ AGએ જર્મનીમાં આવેલ મ્યુનિચ રે ગ્રુપની પ્રાથમિક વીમા કંપની છે.
- HDFC ERGO જનરલ ઈન્શ્યોરન્સ કંપનીમાં HDFC અને ERGO ઈન્ટરનેશનલ બંનેની ભાગીદારી 51 : 49ના પ્રમાણમાં છે.
- ERGO એ બેંકિંગ, ફાઈનાન્સિયલ સર્વિસિઝ એન્ડ ઈન્શ્યોરન્સ (BFSI) ક્ષેત્ર હેઠળ વીમા ક્ષેત્રમાં કાર્યરત છે.
- HDFC અને ERGO હેલ્થ ઈન્શ્યોરન્સનું એકબીજામાં વિલિનીકરણ નવેમ્બર, 2020મા થયું હતું.

## HDFC

HDFC નું પુરું નામ 'હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ' છે.

- તેની સ્થાપના ઓગષ્ટ 1994માં કરવામાં આવી હતી.
- HDFC એ મુંબઈ સ્થિત એક ફાઈનાન્સિઅલ સર્વિસિઝ કંપની છે.
- તેના વર્તમાન CEO શ્રી શશીધર જગદીશન છે.
- તે ભારતમાં આવેલ મુખ્ય હાઉસિંગ ફાઈનાન્સ પ્રોવાઈડર છે.
- તે બેંકિંગ, જીવન અને સામાન્ય વીમાઓ, સાહસ મૂડી રિયલ્ટી, એસેટ મેનેજમેન્ટ, થાપણો, શિક્ષણ લોન વગેરે જેવી સેવાઓ પ્રદાન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## THURSDAY Questions

1. ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે તાજેતરમાં કોણે શપથ લીધા ?

(A) શ્રી તિરથસિંહ રાવત (B) શ્રી કલ્યાણસિંહ રાવત

(C) શ્રી કુલદીપસિંહ ચૌહાણ (D) શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત **(A)**

2. રાજ્યપાલ શ્રી મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના કયા પરિશિષ્ટ અનુસાર હોદ્દા અને ગુપ્તાતાના શપથ અપાવે છે ?

(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા **(B)**

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત રાજ્યપાલ મુખ્યમંત્રીને શપથ અપાવે છે.

(A) અનુચ્છેદ–164(1) (B) અનુચ્છેદ–164(2)

(C) અનુચ્છેદ–164(3) (D) અનુચ્છેદ–164(4) **(C)**

4. આસામના પ્રખ્યાત લાલ ચોખાની નિકાસ તાજેતરમાં પ્રથમ વખત કયા દેશમાં કરવામાં આવી છે ?

(A) ચીન (B) જાપાન (C) પાકિસ્તાન (D) અમેરિકા **(D)**

5. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાન જણાવો ?

1. લાલ ચોખા મુખ્યત્વે આયર્નથી સમૃદ્ધ હોય છે.
2. લાલ ચોખાને આસામમાં 'બાઓ–ધાન' તરીકે ઓળખવામાં આવે છે.
3. APEDA કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
4. ભારતમાં ચોખાનું સૌથી વધુ ઉત્પાદન પશ્ચિમ બંગાળ રાજ્યમાં થાય છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(A)**

6. 'બિઝનેસ કિષ્ટ સુરક્ષા કવર' તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) HDFC (B) HDFC ERGO (C) LIC (D) બજાજ **(B)**

7. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાનો જણાવો.

1. બિઝનેસ કિષ્ટ સુરક્ષા વીમા કવરએ કુદરતી આફતો અથવા વિનાશની પરિસ્થિતિમાં MFIs, ફાઈનાન્સિઅલ ઈન્સ્ટિટયૂશનો અને બેંકોની બેલેન્સશીટની સુરક્ષાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.
2. ERGO ઈન્ટરનેશનલ AG એ જર્મનીમાં આવેલ મ્યુનિચ રે ગ્રુપની પ્રાથમિક વીમા કંપની છે.
3. HDFC એ મુંબઈ સ્થિત એક ફાઈનાન્સિઅલ સર્વિસિઝ કંપની છે.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3 **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 માર્ચ, (1) સાયબર સેન્સરશિપ વિરૂદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship)

## ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યૂટિકલ્સ કોર્પોરેશન લિમિટેડ GeM પોર્ટલ પર ઉત્પાદનો વેચશે

તાજેતરમાં ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યૂટિકલ્સ કોર્પોરેશન લિમિટેડ (IMPCL) અને ગવર્નમેન્ટ ઈ–માર્કેટ (GeM) વચ્ચે હસ્તાક્ષર થયા હતા.

- જે અંતર્ગત IMPCL તેના ઉત્પાદનો ગવર્નમેન્ટ ઈ–માર્કેટ (GeM) પર વેચશે.
- IMPCLની આયુર્વેદિક અને યુનાની દવાઓ હવે GeM પોર્ટલ પર પણ ઉપલબ્ધ બનશે.
- રાજ્ય સરકારો દ્વારા આયુર્વેદિક અને યુનાની દવાઓની ખરીદી આ પોર્ટલની મદદથી સરળ બનશે.

### ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GeM)

GeM એ સરકારનું જાહેર ખરીદી માટેનું એક <u>ઓનલાઈન પ્લેટફોર્મ</u> છે.

- તે એક <u>પેપરલેસ</u>, <u>કોન્ટાક્ટલેસ</u> અને <u>કેશલેસ ઓનલાઈન માર્કેટ</u> પ્લેસ છે.
- કેન્દ્રીય <u>વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય</u> દ્વારા તે <u>9 ઓગસ્ટ, 2016</u>ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- તેના અંતર્ગત વિભિન્ન સરકારી મંત્રાલયો દ્વારા આવશ્યક સામાનની ખરીદી કરવામાં આવે છે.
- આ પ્લેટફોર્મનું <u>સંચાલન GeM SPV</u> (સ્પેશિયલ પર્પઝ વિહીકલ) દ્વારા કરવામાં આવે છે.
- GeM SPV એ સંપૂર્ણ રીતે સરકાર સંચાલિત પ્લેટફોર્મ છે.
- GeM SPVએ કેન્દ્રના <u>વાણિજ્ય અને ઉદ્યોગ</u> મંત્રાલયની <u>નોન-પ્રોફીટ</u> કંપની છે.
- GeMએ કેન્દ્ર સરકારના અગાઉના <u>ડિરેક્ટોરેટ જનરલ ઓફ સપ્લાઈસ એન્ડ ડિસ્પોસલ (DGS&D)નું સ્થાન</u> લીધું છે.

### ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યૂટિકલ કોર્પોરેશન લિમિટેડ (IMPCL)

IMPCLની સ્થાપના <u>વર્ષ 1978</u>માં કરવામાં આવી હતી.

- તેની સ્થાપના કેન્દ્ર સરકાર દ્વારા સંશોધન એકમો, ખુલ્લા બજારો, સરકારી હોસ્પિટલો અને રાજ્ય સરકાર સંબંધિત વિભાગો માટે અસરકારક ભારતીય દવાઓના ઉત્પાદન માટે કરવામાં આવી હતી.

## SBI પેમેન્ટ્સ દ્વારા 'RuPay SoftPos'ની શરૂઆત

<u>નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)</u>એ <u>SBI પેમેન્ટ્સ</u>ના સહયોગથી કરોડો ભારતીય વેપારીઓ માટે <u>'RuPay SoftPos'</u>ની શરૂઆત કરવાની જાહેરાત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RuPay SoftPos


**RuPay SoftPos** સિસ્ટમની મદદથી, વેપારીઓ તેમના સ્માર્ટફોનની મદદથી સરળ મિકેનીઝમ દ્વારા **5000 રૂપિયા** સુધીની **સંપર્ક વિનાની ચુકવણી** સરળતાથી સ્વીકારી શકશે.

- આ સિસ્ટમ **ઓછી કિંમતે રિટેલરોને ચુકવણી** માટેની માળખાગત સુવિધાઓ પ્રદાન કરશે.
- **MSME** (માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ)માં થતી ડિજિટલ ચુકવણીઓ આ સિસ્ટમની મદદથી વિસ્તૃત થશે.
- આ સિસ્ટમની મદદથી વેપારીઓનો સ્માર્ટ ફોન એક **પેમેન્ટ ટર્મિનલ**ના રૂપમાં કાર્ય કરશે.

## નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)એ **એક છત્ર સંસ્થા (Umbrella Organisation)** છે જે ભારતભરમાં **રિટેલ પેમેન્ટ સિસ્ટમનું સંચાલન** કરે છે.

- તેની સ્થાપના **ડિસેમ્બર 2008**માં કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક મહારાષ્ટ્રના **મુંબઈ** ખાતે આવેલું છે.
- NPCIએ એક **નોટ ફોર પ્રોફીટ** ઓર્ગેનાઈઝેશન છે જેની સ્થાપના **કંપની અધિનિયમ, 2013**ની કલમ 8 અંતર્ગત કરવામાં આવી હતી.
- તેની સ્થાપના **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન બેંક એસોસિએશન (IBA)** દ્વારા કરવામાં આવી હતી.



# FRIDAY Questions

1. 'સાયબર સેન્સરશિપ વિરૂદ્ધ વિશ્વ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 10 માર્ચ (D) 11 માર્ચ — (A)

2. નીચે આપેલા સાચા વિધાનો જણાવો ?

1. ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યૂટિકલ્સ કોર્પોરેશન લિમિટેડ GeM પોર્ટલ પર પોતાના ઉત્પાદનો વેચશે.
2. GeMએ સરકારનું જાહેર ખરીદી માટેનું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે.
3. GeMએ કેન્દ્ર વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા 9 ઓગસ્ટ, 2016ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
4. ગવર્નમેન્ટ ઈ–માર્કેટ પ્લેસનું સંચાલન GeM SPV (સ્પેશિયલ પર્પઝ વિહીકલ) દ્વારા કરવામાં આવે છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 4 (D) 2, 3, 4 — (B)

3. 'RuPay Softpos'ની શરૂઆત તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવી છે ?

(A) નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

(B) SBI પેમેન્ટ્સ

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) વિશે સાચા વિધાનો જણાવો ?

1. તે ભારતમાં રિટેલ પેમેન્ટ્સનું સંચાલન કરે છે.
2. તેની સ્થાપના 2008માં કરવામાં આવી હતી.
3. તેનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલું છે.
4. તેની સ્થાપના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન બેંક એસોસિએશન દ્વારા કરવામાં આવી હતી.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 — (C)

## 'આઝાદીના અમૃત મહોત્સવ'નો સાબરમતી આશ્રમ ખાતેથી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શુભારંભ

વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી**એ **12 માર્ચ, 2021** (દાંડીયાત્રા દિન નિમિત્તે)ના રોજ દેશની **આઝાદીના 75મા વર્ષ**ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો શુભારંભ **અમદાવાદ**ના **સાબરમતી આશ્રમ** ખાતેથી કરાવ્યો હતો.

- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**, રાજ્યપાલ **શ્રી આચાર્ય દેવવ્રત** તેમજ કેન્દ્રીય રાજ્યમંત્રી **શ્રી પ્રહલાદસિંહ પટેલ** ઉપસ્થિત રહયા હતા.

### સાબરમતી આશ્રમથી દાંડીયાત્રાનો પ્રારંભ

વડાપ્રધાનશ્રીએ આગામી સ્વાતંત્ર્ય દિવસ **15 ઓગસ્ટ, 2022** સુધી સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોનો શુભારંભ અમદાવાદ **સાબરમતી આશ્રમથી દાંડી સુધીની દાંડીયાત્રા**ને પ્રસ્થાન કરાવીને કરાવ્યો હતો. આ કાર્યક્રમ દેશમાં 75 સપ્તાહ સુધી ચાલશે.

- વડાપ્રધાનશ્રીએ અંગ્રેજોના શાસનના પાયામાં લુણો લગાડનાર સ્વાતંત્ર્ય સંગ્રામની અભૂતપૂર્વ ઘટના એવી દાંડીયાત્રાના 9 દશકા અને દેશની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવાના અવસર પર દેશની જનતામાં રાષ્ટ્રપ્રેમ અને જન–ચેતના ઉભી થાય તેવા ઉમદા આશયથી અમદાવાદના પ્રસિદ્ધ સાબરમતી આશ્રમથી રાષ્ટ્રવ્યાપી આ ઉજવણીની શરૂઆત કરાવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 'આઝાદીના અમૃત મહોત્સવ'ના પાંચ આધારસ્તંભો

વડાપ્રધાનશ્રીએ તેમના વકતવ્યમા દેશને આગળ વધારવા માટે **પાંચ આધારસ્તંભો**નો ઉલ્લેખ કર્યો હતો જે નીચે મુજબ છે :

1. **ફ્રીડમ સ્ટ્રગલ (આઝાદીની લડત)**
2. **આઈડીયાઝ @75**
3. **અચિવમેન્ટ@75**
4. **એકશન @75** અને
5. **રીઝોલ્વ્સ @ 75**

### 'વોકલ ફોર લોકલ'ની થીમ આધારિત ચરખો

આઝાદીના અમૃત મહોત્સવના અવસરે **વિશિષ્ટ પ્રકારનો ચરખો** લોન્ચ કરવામાં આવ્યો હતો.

- **'વોકલ ફોર લોકલ'**ની થીમ પર આધારિત આ ચરખો જ્યારે કોઈપણ ભારતીય દ્વારા સ્વદેશી વસ્તુ ખરીદીને ટ્વિટ કરવામાં આવશે તેમ–તેમ ચરખો એક રાઉન્ડ ફરશે.
- આ સમગ્ર ઉજવણી દરમિયાન **75 કરોડ વખત ચરખો ફેરવવા**નો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## વેબસાઈટનું લોન્ચિંગ

આઝાદીના અમૃત મહોત્સવ માટે એક અલાયદી વેબસાઈટ **'India75.nic.in'**નું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું.

## અમૃત મહોત્સવનો લોગો

કેન્દ્ર સરકારના **MyGov પ્લેટફોર્મ** દ્વારા અમૃત મહોત્સવ માટેના લોગો માટેની સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી.

- અમૃત મહોત્સવ માટેનો લોગો **શાસન**, **વિકાસ**, **તકનીકી**, **સુધારણા**, **પ્રગતિ** અને **નીતિ** જેવા **વિષયો** આધારે તૈયાર કરવામાં આવ્યો હતો.
- આ લોગો માટેની હરીફાઈ ભારતના નાગરિકો માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.
- આ સ્પર્ધામાં પ્રથમ આવનાર વ્યકિતને 1 લાખ રૂપિયાનો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

## દાંડીયાત્રા - 1930

દાંડી નમક સત્યાગ્રહએ **'સવિનય કાનૂન ભંગ'** આંદોલન અંતર્ગત થયેલો **પ્રથમ સત્યાગ્રહ** છે.

- ભારતની આઝાદીની ચળવળમાં દાંડી સત્યાગ્રહનું વિશેષ મહત્ત્વ છે.
- દાંડી સત્યાગ્રહથી ભારતની આઝાદીની લડતને નવી દિશા મળી હતી.
- ગાંધીજીએ **12 માર્ચ, 1930**ના રોજ **અમદાવાદ**ના **સાબરમતી આશ્રમ**થી પોતાના **78 સાથીઓ** સાથે દાંડી યાત્રાનો પ્રારંભ કર્યો હતો.
- દાંડીકૂચનો પ્રથમ પડાવ **અસલાલી** ગામે કરવામાં આવ્યો હતો.
- દાંડીયાત્રાના **ભાટ ગામ**ના પડાવ સમયે ગાંધીજીએ ઘોષણા કરી હતી કે,
  **'કાગડા કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ લીધા વગર પાછો નહિ ફરું.'**
- આ દાંડીયાત્રામાં **માતર**થી કાકા સાહેબ કાલેલકરના પુત્ર **શ્રી શંકર કાલેલકર** અને **સરદાર ખડગ બહાદુરગીરી** જોડાયા હતા.
- આથી, આ યાત્રામાં મહાત્મા ગાંધીજીના સાથીદારોની સંખ્યા **80** થઈ હતી.
- દાંડીયાત્રા દરમિયાન ગાંધીજી ગામડે ગામડે સભાઓ યોજીને મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવાનું અને સત્યાગ્રહની પ્રવૃત્તિઓ સમજાવતા હતા.
- **5 એપ્રિલ, 1930**ના રોજ **241 માઈલ**નું અંતર કાપીને **24 દિવસ** બાદ સત્યાગ્રહીઓ **દાંડી** ગામે પહોંચ્યા હતા.
- **6 એપ્રિલ, 1930**ના રોજ **સવારે 6 : 30** કલાકે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારેથી ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો સવિનય ભંગ કર્યો હતો.
- ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડી ઉચ્ચાર્યું કે, **'આજથી હું બ્રિટિશ સરકારના પાયામાં લૂણો લગાડું છું.'**
- **શ્રી સુભાષચંદ્ર બોઝે** દાંડીયાત્રાને **'નેપોલિયનની પેરિસ માર્ચ'** સાથે તેમજ **શ્રી મહાદેવભાઈ દેસાઈ**એ આ યાત્રાને **'મહાભિનિષ્ક્રમણ'** સાથે સરખાવી હતી.
- દાંડીયાત્રા દરમિયાન ગાંધીજી દર **સોમવારે** મૌનવ્રત પાળતા હતા.
- દાંડીયાત્રા સમયે અંગ્રેજોને સરદાર પટેલનો ભય હોવાથી અંગ્રેજોએ દાંડીયાત્રા પહેલા જ **7 માર્ચ, 1930**ના રોજ **શ્રી સરદાર પટેલ**ની **રાસ ગામે**થી ધરપકડ કરી હતી.
- દાંડીયાત્રામાં મહાત્મા ગાંધીજીના પરિવારમાંથી તેમના **પત્ની કસ્તુરબા** તથા તેમના પુત્ર **શ્રી રામદાસ** અને **શ્રી મણિલાલ** તેમજ તેમના પૌત્ર **શ્રી કાંતિલાલ હરિલાલ ગાંધી**એ ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકનું લોકાર્પણ

<u>**30 જાન્યુઆરી, 2019**</u>ના રોજ <u>**મહાત્મા ગાંધીજી**</u>ના <u>**71મા નિર્વાણ દિન**</u>ના રોજ ભારતના વડાપ્રધાન <u>**શ્રી નરેન્દ્રભાઈ મોદી**</u>એ ગુજરાતમાં <u>**નવસારી**</u> જિલ્લાના <u>**જલાલપોર તાલુકાના દાંડી**</u> ખાતે <u>**'રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક'**</u>નું લોકાર્પણ કર્યું હતું.

## રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકની વિશેષતાઓ

(1) <u>**'દાંડી સત્યાગ્રહ'**</u>ની યાદમાં આ સ્મારક તૈયાર કરવામાં આવ્યું છે.

(2) આ સ્મારકમાં મહાત્મા ગાંધીજી ઉપરાંત ગાંધીજી સાથે દાંડીકૂચમાં જોડાયેલા તેમના <u>**80 સાથીદારો**</u>ની પ્રતિમા છે.

(3) અહીં દાંડી યાત્રા સાથે જોડાયેલા <u>**24 સ્થળોનો સ્મૃતિપથ**</u> પણ બનાવવામાં આવ્યો છે.

(4) આ સ્મારકમાં આશરે <u>**41**</u> જેટલા <u>**સોલાર ટ્રી**</u> બનાવવામાં આવ્યા છે, જે સ્મારકની વીજળીની જરૂરિયાતો પૂરી કરે છે.

(5) આશરે રૂ. 110 કરોડના ખર્ચે આ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

(6) આ સ્મારકમાં મુલાકાતી સોલ્ટ મેકિંગ પેન્સમાં મીઠું બનાવાની પ્રક્રિયા પણ જોઈ શકશે. અને અહીં 1400 ચોરસ મીટરનું કૃત્રિમ તળાવ પણ બનાવવામાં આવ્યું છે.




1. 'આઝાદીના અમૃત મહોત્સવ'નો પ્રારંભ તાજેતરમાં કોના દ્વારા કરાવવામાં આવ્યો હતો ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી વિજયભાઈ રૂપાણી
(C) શ્રી રામનાથ કોવિંદ (D) શ્રી વેંકૈયા નાયડુ (A)

2. 'આઝાદીના અમૃત મહોત્સવ'નો પ્રારંભ તાજેતરમાં કયાથી કરવામાં આવ્યો હતો ?
(A) લાલ કિલ્લા ખાતેથી (B) રાષ્ટ્રપતિ ભવન ખાતેથી
(C) સાબરમતી આશ્રમ ખાતેથી (D) ઉપરોકત પૈકી કોઈ નહીં (C)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદીના કેટલામા વર્ષની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો શુભારંભ અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતેથી કરાવ્યો હતો ?
(A) 70 (B) 75 (C) 80 (D) 100 (B)

4. 'આઝાદીનો અમૃત મહોત્સવ' કેટલા સપ્તાહ સુધી સમગ્ર દેશમાં ઉજવવામાં આવશે ?
(A) 80 (B) 70 (C) 100 (D) 75 (D)

5. 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી કયા સુધી સમગ્ર દેશમાં કરવામાં આવશે ?
(A) 15 ઓગસ્ટ, 2021 (B) 26 જાન્યુઆરી, 2022 (C) 15 ઓગસ્ટ, 2022 (D) 26 જાન્યુઆરી, 2023 (C)

6. વડાપ્રધાનશ્રીએ 'આઝાદીના અમૃત મહોત્સવ'ના શુભારંભ વખતે તેમના વકતવ્યમાં દેશને આગળ વધારવા માટે કેટલા આધારસ્તંભોનો ઉલ્લેખ કર્યો હતો ?
(A) ચાર (B) પાંચ (C) છ (D) સાત (B)

7. 'આઝાદીના અમૃત મહોત્સવ' દરમિયાન વડાપ્રધાનશ્રીએ ઉલ્લેખ કરેલા પાંચ આધાર સ્તંભો પૈકી નીચેનામાંથી ખોટો આધારસ્તંભ જણાવો ?
(A) ફ્રીડમ સ્ટ્રગલ (B) આઈડીયાઝ@75 (C) એકશન@75 (D) ડેવલપમેન્ટ@75 (D)

8. 'આઝાદીના અમૃત મહોત્સવ' દરમિયાન 'વોકલ ફોર લોકલ'ની થીમ આધારિત લોન્ચ કરવામાં આવેલ ચરખાને આ ઉજવણી દરમિયાન કેટલા વખત ફેરવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે ?
(A) 70 કરોડ (B) 75 કરોડ (C) 80 કરોડ (D) 100 કરોડ (B)

9. 30 જાન્યુઆરી, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવસારી જિલ્લાના દાંડી ખાતે 'રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, આ દાંડી નવસારી જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
(A) ગણદેવી (B) ચિખલી (C) જલાલપોર (D) ખેરગામ (C)

10. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકમાં ગાંધીજી ઉપરાંત દાંડીયાત્રામાં જોડાયેલા તેમના કેટલા સાથીદારોની પ્રતિમા છે ?
(A) 79 (B) 80 (C) 82 (D) 78 (B)

11. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા દાંડીયાત્રાનો પ્રારંભ કયારે કરવામાં આવ્યો હતો ?
(A) 12 એપ્રિલ, 1930 (B) 12 મે, 1930 (C) 12 માર્ચ, 1930 (D) 12 જૂન, 1930 (C)

12. ગાંધીજીએ 12 માર્ચ, 1930ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી પોતાના કેટલા સાથીદારો સાથે દાંડીયાત્રાનો પ્રારંભ કર્યો હતો ?
(A) 78 (B) 76 (C) 80 (D) 81 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **ગાંધીનગરના સંસ્કૃતિકુંજ ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે 25મા વસંતોત્સવનો પ્રારંભ**

7 માર્ચ, 2021ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **ગાંધીનગરના સંસ્કૃતિકુંજ** ખાતે **25મા વસંતોત્સવનો** પ્રારંભ કરાવ્યો હતો. વસંતોત્સવનું આયોજન દર વર્ષે ગાંધીનગર ખાતે **રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ** દ્વારા કરવામાં આવે છે.

➤ **ગુજરાતમાં રાષ્ટ્રીય વન્ય જીવ રોગ નિદાન સંશોધન અને રેફરલ કેન્દ્ર સ્થપાશે**

ભારત સરકાર ગુજરાતમાં રાષ્ટ્રીય વન્યજીવ રોગ નિદાન સંશોધન અને રેફરલ કેન્દ્રની સ્થાપના કરશે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજ્યમંત્રી શ્રી બાબુલ સુપ્રિયોએ આ માહિતી 8 માર્ચ, 2021ના રોજ રાજ્યસભામાં આપી હતી. આ કેન્દ્રની સ્થાપના અંગેની દરખાસ્ત ભારત સરકાર દ્વારા ગુજરાત સરકાર અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)ના પરામર્શથી તૈયાર કરવામાં આવી છે. તેમજ તે **'પ્રોજેક્ટ લાયન'**નો એક ભાગ જ છે.

➤ **ગુજરાતમાં મહિલા MLAની ગ્રાન્ટમાં રૂ. 1 કરોડનો વધારો**

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભામાં વિશ્વ મહિલા દિન (8 માર્ચ) નિમિત્તે મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારમાં રસ્તાના કામો માટે રૂપિયા 1 કરોડની વધારાની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી. તેનો લાભ ગુજરાતના **13 મહિલા ધારાસભ્યો**ને મળશે.

## ભારત

➤ **કેવડિયા કોલોનીમાં આયોજિત કમ્બાઈન્ડ કમાન્ડર કોન્ફરન્સને વડાપ્રધાનશ્રીનું સંબોધન**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા કોલોની ખાતે ત્રણ દિવસ સુધી ચાલેલા કમ્બાઈન્ડ કમાન્ડર કોન્ફરન્સના સમાપન કાર્યક્રમને સંબોધન કર્યું હતું. આ કોન્ફરન્સમાં વડાપ્રધાનશ્રી ઉપરાંત સંરક્ષણ પ્રધાન **શ્રી રાજનાથસિંહ**, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ **શ્રી બિપિન રાવત**, નૌકાદળના વડા એડમિરલ **શ્રી કર્મબિર સિંહ**, ભૂમિદળના વડા **જનરલ એમ. એમ. નરવણે**, હવાઈદળના વડા એરચીફ માર્શલ **શ્રી આર. કે. એસ. ભદૌરિયા**, સુરક્ષા સલાહકાર **શ્રી અજિત ડોભાલ**, DRDOના ચેરમેન **શ્રી જી. સતીષ રેડ્ડી** સહિત 70 જેટલા સુરક્ષા સાથે જોડાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. આ સંબોધન દરમિયાન વડાપ્રધાનશ્રીએ ભારતીય સૈન્યને **'ભાવિબળ'** તરીકે વિકસાવવાની હિમાયત કરી હતી.

➤ **ચેસ પ્લેયર સુશ્રી કોનેરુ હમ્પીએ BBC ઈન્ડિયા સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો**

ચેસમાં રેપિડ ફોર્મેટના વર્તમાન વર્લ્ડ ચેસ ચેમ્પિયન સુશ્રી કોનેરુ હમ્પીને BBC ઈન્ડિયા સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરના એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. વર્ષ 2020માં શરૂ કરવામાં આવેલા આ એવોર્ડમાં સુશ્રી કોનેરુ હમ્પી બીજા વિજેતા ખેલાડી બન્યા છે. વર્ષ 2020માં **પ્રથમ વખત સુશ્રી પી. વી. સિંધુ** વિજેતા બન્યા હતા. સુશ્રી કોનેરુ હમ્પી **આંધ્રપ્રદેશ**ના વતની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **આઝાદીના 75 વર્ષ પૂરા થવા પર ઉજવણી માટે વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ-સ્તરની સમિતિની રચના**

કેન્દ્ર સરકારે ભારતની આઝાદીના 75 વર્ષ પૂરા થવા પર વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી**ની અધ્યક્ષતામાં **259 સભ્યો**ની ઉચ્ચ–સ્તરની રાષ્ટ્રીય સમિતિની રચના કરી છે. આ સમિતિ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના 75મા સ્વતંત્રતા વર્ષની ઉજવણી માટે દિશાનિર્દેશો આપશે.

➤ **સુશ્રી મિતાલી રાજ 10,000 રન પૂરા કરનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બન્યા**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન સુશ્રી મિતાલી રાજે સાઉથ આફ્રિકા સામે રમાયેલ વન–ડે ક્રિકેટ મેચમાં 10,000 રન પૂરા કર્યા છે. આ સિદ્ધિ મેળવનાર તેણી પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બન્યા છે. **ઇંગ્લેન્ડ**ની મહિલા ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન **સુશ્રી ચાર્લેટ એડ્વર્ડસ** આ સિદ્ધિ મેળવનાર વિશ્વના **પ્રથમ મહિલા ક્રિકેટર** છે. સુશ્રી મિતાલી રાજ **રાજસ્થાનના જોધપુર**ના વતની છે.

## ICE Questions

➤ તાજેતરમાં ગાંધીનગરના સંસ્કૃતિકુંજ ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે કેટલામા વસંતોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ? – 25મા

➤ દર વર્ષે વસંતોત્સવનું આયોજન ગુજરાતના કયા વિભાગ દ્વારા કરવામાં આવે છે ?
– રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ

➤ કેન્દ્રીય પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન રાજ્યમંત્રી શ્રી બાબુલ સુપ્રિયોએ રાજ્યસભામાં આપેલી માહિતી અનુસાર રાષ્ટ્રીય વન્ય જીવ રોગ નિદાન સંશોધન અને રેફરલ કેન્દ્રની સ્થાપના કયા રાજ્યમાં કરવામાં આવશે ? – ગુજરાત

➤ વિશ્વ મહિલા દિન નિમિત્તે ગુજરાતમાં મહિલા MLAની ગ્રાન્ટમાં કેટલા રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવણીની જાહેરાત કરવામાં આવી હતી ? – 1 કરોડ રૂપિયાની

➤ ગુજરાતમાં 1 કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ગુજરાતના કેટલા મહિલા ધારાસભ્યોને મળશે ?
– 13 મહિલા ધારાસભ્યોને

➤ તાજેતરમાં કમ્બાઈન્ડ કોન્ફરન્સનું આયોજન કયા કરવામાં આવ્યું હતું ? – કેવડિયા કોલોની ખાતે

➤ BBC ઈન્ડિયા સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરનો એવોર્ડ તાજેતરમાં કોણે જીત્યો છે ? – સુશ્રી કોનેરુ હમ્પી

➤ સુશ્રી કોનેરુ હમ્પીએ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ચેસ

➤ આઝાદીના 75 વર્ષ પૂરા થવા પર ઉજવણી માટે તાજેતરમાં કોની અધ્યક્ષતામાં ઉચ્ચ–સ્તરની સમિતિની રચના કરવામાં આવી છે ? – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

➤ વન–ડે ક્રિકેટમાં 10,000 રન પૂરા કરનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટરનું નામ જણાવો ?
– સુશ્રી મિતાલી રાજ

➤ મહિલા ક્રિકેટમાં વિશ્વમાં સૌપ્રથમ 10,000 રન પૂરા કરવાની સિદ્ધિ કોણે મેળવી હતી ?
– સુશ્રી ચાર્લેટ એડવર્ડ્ઝ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ?

– શ્રી હીરાભાઈ પટેલ

2. તાજેતરમાં કયા દેશ દ્વારા 10 લાખ બોલિવરની ચલણી નોટ બહાર પાડવામાં આવી છે ?

– વેનેઝુએલા

(વેનેઝુએલાની રાજધાની કરાકસ છે.)

3. તાજેતરમાં મુથૂટ જૂથના ચેરમેનનું દિલ્હી ખાતે નિધન થયું છે, તેઓનું નામ જણાવો ?

– શ્રી એમજી જ્યોર્જ મુથૂટ

4. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં વિશ્વની કઈ બે ટીમોએ પ્રવેશ મેળવ્યો છે ?

– ભારત અને ન્યૂઝીલેન્ડ

(ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલ મેચ ઈંગ્લેન્ડ ઐતિહાસિક લોર્ડ્ઝ ખાતે રમવામાં આવશે.)

5. તાજેતરમાં ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુ. કે.ના સ્કોટલેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ એડિન બર્ગે કયા ક્ષેત્રના વિકાસ માટે ગાંધીનગર ખાતે MoA કર્યા છે ? – શિક્ષણ

6. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય કઈ સંસ્થાની સાથે મળીને રમત–ગમત અને અન્ય સંબંધિત ક્ષેત્રો માટે સેન્ટર ઓફ એકસલન્સનું નિર્માણ કરશે ? – IIT બોમ્બે

7. ભારતમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ગેમ ચેન્જર્સ પ્રોગ્રામ્સ' કોની ભાગીદારીમાં શરૂ કરવામાં આવશે ? – NASSCOM અને માઈક્રોસોફટની ભાગીદારીમાં

(NASSCOMનું પૂરું નામ 'નેશનલ એસોસિએશન ઓફ સોફટવેર એન્ડ સર્વિસ કંપનીઝ' છે. તેની સ્થાપના વર્ષ 1988માં કરવામાં આવી હતી. તે મુખ્યત્વે ઈન્ફર્મેશન ટેકનોલોજી અને બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ (BPO) ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. તેણે વર્ષ 2023 સુધીમાં 10,000 સ્ટાર્ટઅપ્સને ટેકો આપવાના ઉદ્દેશથી વર્ષ 2013માં '10,000 સ્ટાર્ટઅપ્સ' કાર્યક્રમ શરૂ કર્યો હતો.)

8. 'મહિલા ઈતિહાસ મહિના' તરીકે વર્ષ 2021માં કયા મહિનાની તાજેતરમાં ઉજવણી કરવામાં આવી છે ? – માર્ચ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(વર્ષ 2021ના 'મહિલા ઈતિહાસ મહિના'ની ઉજવણી 'Valient Women of the vote : Refusing to Be Silenced' ની થીમ અંતર્ગત કરવામાં આવી રહી છે.

9. તાજેતરમાં લિંક્ડ ઈન અપોર્ચ્યુનિટી ઈન્ડેક્સ 2021 પ્રકાશિત કરવામાં આવ્યો છે, તેના અંતર્ગત મુખ્યત્વે શેના પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે ?

– મહિલાઓને રોજગારીમાં મળતી તકો

10. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020નો અમલ થવાનો છે તે પૂર્વે શાળાકક્ષાએ તેનો કેવી રીતે અમલ કરવો તેની ભલામણો શાળા શિક્ષણ માટેની ટાસ્ક ફોર્સ સમિતિએ રાજ્ય સરકારને મોકલી આપી છે. આ અંગેની બેઠક GCERT ખાતે મળી હતી, તેમાં કેટલા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો ?

– 18 સભ્યો

(GCERTનું પૂરુંનામ 'Gujarat Council of Educational Research and Training' છે. તે ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે આવેલું છે.)

11. ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષશ્રીને રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા 'કોવિડ વૂમન વોરિયર્સ ધ રીયલ હિરોઝ'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે, તેઓનું નામ જણાવો ?

– સુશ્રી લીલાબેન અંકોલિયા

12. અમેરિકી સેનેટમાં તાજેતરમાં કેટલા ડોલરનું કોરોના રાહત પેકેજ પસાર કરવામાં આવ્યું છે ?

– 1.9 ટ્રિલિયન ડોલર

13. મહિલા સશક્તિકરણ માટે ડિજિટલ પ્લેટફોર્મ 'Her Circle' તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે ?

– સુશ્રી નીતા અંબાણી

14. કયા ડિજિટલ મેપિંગ અને લોકેશન આધારીત પ્લેટફોર્મની મદદથી કોરોના રસીકરણ કેન્દ્રોને શોધવામાં મદદ મળશે ?

– MapMyIndia

(MapMyIndiaએ ડિજિટલ નકશાઓ તથા ટેલિમેટિક્સ સેવાઓ પ્રદાન કરે છે. તેની સ્થાપના વર્ષ 1992માં સુશ્રી રશ્મિ વર્મા દ્વારા કરવામાં આવી હતી. તેમજ તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.)

15. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટરેશ દ્વારા કયા વર્ષને વૈશ્વિક વાતાવરણની કટોકટીનો સામનો કરવા માટેનું 'Make or Break' વર્ષ તરીકે વર્ણવ્યું હતું ?

– વર્ષ 2021

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. 1 માર્ચ, 2021ના રોજ કેટલામાં 'Civil Accounts Day'ની ઉજવણી કરવામાં આવી છે ?

– 45મા

17. તાજેતરમાં કઈ બેંક દ્વારા વોટ્સએપ બેંકિંગની શરૂઆત કરવામાં આવી છે ? – એક્સિસ બેંક
(વોટ્સએપ બેંકિંગની મદદથી ગ્રાહકો ગમે ત્યાં અને ગમે ત્યારે ચેટિંગની મદદથી બેકિંગ સુવિધાઓનો ઉપયોગ કરી શકશે. આ સેવા રજાના દિવસો સહિત 24×7 ઉપલબ્ધ રહેશે.)

18. તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે ફીજી સાથે કયા ક્ષેત્રમાં સહકાર માટે મંજૂરી આપી ?

– કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં

19. નેશનલ વોટર મિશન (NWM)ના ‘કેચ ધ રેઈન’ કેમ્પેઈનની ટેગલાઈન જણાવો ?

– 'Catch the rain, where it falls, when it falls'

20. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા સ્થાનિક લોકો માટે ખાનગી નોકરીઓમાં 75% અનામત રાખવાના બિલને મંજૂરી આપવામાં આવી છે ? – હરિયાણા
(હરિયાણાના રાજ્યપાલ શ્રી સત્યદેવ નારાયણ આર્ય દ્વારા ‘હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડીડેટ્સ એક્ટ, 2020’ને મંજૂરી આપવામાં આવી હતી.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

21. ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે બે હાઈલેવલ કમિટીની જાહેરાત કરી હતી, તેમાંની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના અધ્યક્ષનું નામ જણાવો ?
– ગવર્નિંગ કાન્સિલના અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણી છે તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી કે. કૈલાસનાથન છે.

22. ફૂલડોલ ઉત્સવનું આયોજન દર વર્ષે કયા પ્રસિદ્ધ મંદિર ખાતે કરવામાં આવે છે ?

– દેવભૂમિ દ્વારકામાં આવેલા દ્વારકાધીશજી મંદિર ખાતે

23. જાપાન અને ચીન વચ્ચે કયા ટાપુના ક્ષેત્ર અંગે ઘણા સમયથી વિવાદ ચાલી રહયો છે ?

– સેનકાકુ ટાપુ

(સેનકાકુ એ પૂર્વ ચાઈના ટાપુમાં આવેલો છે.)

24. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 100 મિલિયન ફોલોઅર્સ ધરાવતા વિશ્વના એકમાત્ર ક્રિકેટરનું નામ જણાવો ? – શ્રી વિરાટ કોહલી

25. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પદેથી તાજેતરમાં કોણે રાજીનામું આપ્યું હતું ?

– શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત

(ઉત્તરાખંડના રાજ્યપાલનું નામ સુશ્રી બેબી રાની મૌર્ય છે.)

26. તાજેતરમાં મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના એક બાળક ધૈર્યરાજસિંહને એક અતિ ગંભીર બિમારી થઈ હતી, તેનું નામ જણાવો ? – સ્પાઈનલ મસ્કયુલર એટ્રોપી–1
(સ્પાઈન મસ્કયુલર એટ્રોપી-1એ કરોડરજ્જુને લગતી ચેતાતંત્રની બિમારી છે.)

27. ICC દ્વારા ફેબ્રુઆરી મહિનાના સર્વશ્રેષ્ઠ પુરૂષ ક્રિકેટર તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી રવિચંદ્રન અશ્વિન

28. ICC દ્વારા ફેબ્રુઆરી મહિનાના સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર તરીકે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી ટેમી બ્યુમોન્ટ (ઈંગ્લેન્ડ)

29. તાજેતરમાં રાજ્યકક્ષાના 10મા અશ્વમેળાનો આરંભ કયા કરવામાં આવ્યો હતો ?
– બનાસકાંઠાના લાખણી તાલુકાના જસરા ખાતે

30. તાજેતરમાં ઈન્ટરનેશનલ બોકિસંગ એસોસિએશન (AIBA)ના ચેમ્પિયન્સ અને દિગ્ગજોની કમિટીના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ? – સુશ્રી મેરી કોમ
(સુશ્રી મેરી કોમ મણિપુર રાજ્યના વતની છે. વર્તમાનમાં તેણી રાજ્યસભાના સભ્ય છે. વર્લ્ડ બોકિસંગ ચેમ્પિયનશીપ 6 વખત જીતનાર તેણી વિશ્વના એકમાત્ર મહિલા બોકસર છે. વર્ષ 2020માં કેન્દ્ર સરકાર દ્વારા તેઓને પદ્મ વિભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો હતો.)

31. કેન્દ્ર સરકારે તાજેતરમાં કયા દેશ સાથેની સરહદોને મજબૂત કરવા માટે 12 નવી સશસ્ત્ર સીમાબલ બટાલિયનને મંજૂરી આપી છે ? – નેપાળ અને ભૂટાન

32. તાજેતરમાં સિમલીપાલ ટાઈગર રિઝર્વમાં ભયાનક આગ લાગી હતી, આ રિઝર્વ દેશના કયા રાજ્યમાં આવેલું છે ? – ઓડિશા

33. ભારત કયા દેશને બ્રહ્મોસ મિસાઈલ આપશે ? – ફિલીપાઈન્સ

34. ‘વિશ્વ કિડની દિવસ’ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે ?
– દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરૂવારે

35. ‘વિશ્વ કિડની દિવસ 2021’ની થીમ જણાવો ? – 'Living well with kidney Disease'

36. સુરસાગર તળાવની 111 ફૂટ ઊંચી સર્વેશ્વર મહાદેવની પ્રતિમાને સુવર્ણ આવરણ ચડાવવાનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યો છે, આ સુરસાગર તળાવ ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ? – વડોદરા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT